**નંબર–૭**

# નોટિસ પેપર ભાગ–૧
# વિધેયકો, પ્રસ્તાવો, સંકલ્પો વિગેરેની સૂચનાઓ
# પંદરમી ગુજરાત વિધાનસભા
# ચોથું સત્ર
# બુધવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## ૧. સરકારી વિધેયકો :

### (અ) દાખલ કરવા માટેનાં વિધેયકો :

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક.

### (બ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો :

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨)..

## ૨. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨):

### માનનીય સભ્યશ્રી માવજીભાઇ દેસાઇ

ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી, જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯%નો વિકાસદર હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં દેશના જી.ડી.પી.માં ગુજરાત રાજ્યનો ફાળો ૫.૧% હતો, જે આજે વધીને ૮.૨% થયેલ છે. આમ, દેશના વિકાસમાં ગુજરાતે પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી, દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. રાજ્યની આ વિકાસયાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭નું આહ્વાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે રાજ્ય સરકારનું ધ્યેય છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા દૂરંદેશી સાથે એક નાનકડું લાગતું પણ વિરાટ કદમ ઉઠાવ્યું. એ વિરાટ કદમ એટલે ‘‘વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ”. વર્ષ ૨૦૦૩માં વાવેલું વાઇબ્રન્ટનું “વિચાર બીજ" આજે વટ વૃક્ષ બની ગયું છે. જેના ખૂબ જ સારા પરિણામો મળ્યા છે પરિણામે ગુજરાત વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

વેપાર અને વાણિજ્ય જેના લોહીમાં વહે છે એવી છાપ ધરાવતા ગુજરાતીઓના વેપાર વાણિજ્યના પાંચ હજાર વર્ષના ઈતિહાસમાં વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રતિબિંબિત થાય છે. એ અર્થમાં ગુજરાતના આંગણે યોજાતી આ સમિટ આર્થિક ઉત્કર્ષની સાથે સાથે સંસ્કૃતિઓનું પણ આદાન-પ્રદાન કરવા માટેનું એક મજબૂત મંચ બની રહી છે. ગુજરાતના સપૂત અને વિશ્વ માનવ મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશને જીવંત કરતાં મહાત્મા મંદિરના પ્રાંગણમાં યોજાતી ગુજરાત ગ્લોબલ સમિટે સમસ્ત વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો શાનદાર પ્રારંભ કરાવ્યો ત્યારે મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશ સાથે અમૃત કાળના આરંભની અનુભૂતિ થઈ હતી. ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ચાર દેશોના વડા સહિત ૧૩૦ કરતાં પણ વધુ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અમૃતકાળની પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત

ગ્લોબલ સમિટમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ ભારતની વિકાસયાત્રામાં મહત્વના સહયોગી બન્યા હતા.

છેલ્લા વીસ વર્ષોમાં વાઈબ્રન્ટ સમિટે વૈશ્વિક સ્તરે નવા વિચારોને પ્લેટફોર્મ આપ્યું છે તેમજ નવા રોકાણો અને વળતર માટે નવો માર્ગ કંડાર્યો છે અને તે ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારીઓ અને અનુભવો વહેંચવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બન્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૪માં દેશ–વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડી રોકાણની તકો વિશે માહિતગાર કરી આ સમિટને સફળ બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં આશરે ૪૫ લાખ કરોડથી વધુ રકમના ૯૮,૦૦૦થી વધુ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આનાથી રાજ્યના વિકાસનો પાયો નક્કર અને મજબૂત બનનાર છે ત્યારે ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ વિકાસની આ આશાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે જરૂરી અસરકારક પગલાં લેવા આ સભાગૃહ ચર્ચા–વિચારણા કરે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**